શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમનું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

# ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક-૨
ફેબ્રુઆરી – ૨૦૧૭
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

## અક્ષર નિવાસી પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી

જન્મ : ૧૯-૧૦-૧૯૪૬ • અક્ષરવાસ : ૩૧-૧-૨૦૧૭

૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક પર્વે SGVP દ્વારા દત્તક લેવાયેલા શહિદ જવાનોના પરિવારજનોને વિદ્યા સહાય અર્પણ

'સહજાનંદ વિલા' પરિવાર દ્વારા યોજાયેલ વાસ્તુપૂજન પ્રસંગે ઉપસ્થિત સંતો તથા ગુરુકુલ પરિવારના ભક્તજનો, અમદાવાદ

ખોડલધામ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રી નરેશભાઇ પટેલને આશીર્વાદ પાઠવતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

વાર્ષિક રમતોત્સવનું ઉદ્‌ઘાટન, અમદાવાદ ગુરુકુલ તથા દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે યોજાયેલ શાકોત્સવ પ્રસંગે ઉપસ્થિત સંતો-ભક્તો

સવાનાહ ગુરુકુલ ખાતે યોજાયેલ મહાપૂજામાં ઉપસ્થિત ભક્તજનો

લદાખ, મહાબોધી સ્કુલના વિદ્યાર્થીઓએ SGVP ખાતે દસ દિવસ રોકાઇ સંપ્રદાય તથા ગુજરાતના કલ્ચરને જાણ્યુ હતું

# ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, ફેબ્રુઆરી : ૨૦૧૭, અંક : ૨

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી |
| તંત્રી | : | પાર્ષદ શ્રી શામજી ભગત |
| સંપાદક | : | શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી |
| કલા સંયોજન | : | હરિકૃષ્ણ ગ્રાફિક્સ |
| તસ્વીર | : | જી. વિઝન |
| મુદ્રક | : | સૂર્યા ઓફસેટ |

| | | |
|---|---|---|
| છુટક અંક | : | રૂ. ૫/- |
| પંચ વાર્ષિક લવાજમ | : | રૂ. ૨૫૦/- |
| ૨૫ વર્ષ લવાજમ | : | રૂ. ૭૦૦/- |
| વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ | : | $ ૧૧૦/- |

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar


## પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીને શ્રદ્ધાંજલિ

શ્રીહરિ સ્વામી ગયા, એનું દુઃખ દિલમાં થાય છે,
સુમન સહજાનંદનું, ઓચિંતા કરમાય છે,
કમ છે કુદરત તણો જનમ્યું એ તો જાય છે,
આયુષ્ય પ્રમાણે રહેવું સૌને,
એ નારાયણનો ન્યાય છે...૧

તપસી ગયા ત્યાગી ગયા,
રાગી નહિ, અનુરાગી ગયા;
સાધુતાવાળા એક સંત સુફી,
ગુણિયલ ગુણાતીત સંત ગયા,
અહરનીશ ઉમંગી, એક રંગી,
નિયમ સંગી સાધુ ગયા,
ગૌરવ કહું ગુરુકુલનું,
શાસ્ત્રીજી મહારાજના એક શિષ્ય ગયા.૨

જ્ઞાની ગયા ધ્યાની ગયા,
માની નહિ સ્વમાની ગયા,
ધીરજ ધારી સદાચારી,
એક સંત અલગારી ગયા,
વહેતા સત્સંગના વારી,
કંઇકને સત્સંગ પીવડાવી ગયા,
નિયમ નિષ્ઠાના નેક ધારી,
તરતા ગયા કંઇકને તારી ગયા...૩

જાણી ગયા સ્વામી સહજાનંદને,
મોજ સત્સંગની માણી ગયા,
બળભરી વાતું કરનાર,
એક પવિત્ર પુરાણી ગયા,
વાતું કરી સત્સંગની,
સત્સંગ સભા ડોલાવી ગયા,
સત્સંગના એ સંત સાચા,
મોહ નિદ્રાથી જાગી ગયા...૪

હસતા ગયા હસાવતા ગયા,
સૌના દિલમાં એ વસતા ગયા,
નહિ દવા નહિ દરદ દેહમાં,
અમ થકી એ ખસતા ગયા,
સત્સંગ રાખજ્યો સેવા કરજ્યો,
એવું એ કહેતા ગયા,
નાનુ ભરાડ કહે નિરમોહી,
સંત જશ જગતથી લેતા ગયા...૫

- નાનુભાઇ ભરાડ

# પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી જીવન પરિચય

- પાર્ષદ શામજીભગત

સંતનો સાચો પરિચય એનું જીવન ગણાય.
આપણા સત્સંગમાં સંતોનો અપાર મહિમા છે.
તે એમના સાધના સભર જીવનના કારણે જ છે.

અક્ષર નિવાસી સંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રીહરિદાસજી સ્વામી એમની સાધુતાને લીધે બધાના અંતરમાં સ્થાન પામી ચૂક્યા છે.

સાધુજીવનના મુખ્ય સદ્‌ગુણ તરીકે પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી નિયમધારી સાધુ ગણાયા છે. સાધુજીવનના પંચવર્તમાન (નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિસ્નેહ અને નિર્માન) પાલનમાં પૂજ્ય સ્વામીજી આજીવન એકરેણીપણાનું જીવન જીવી ગયા.

રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં વિદ્યાભ્યાસ નિમિત્તે પ્રવેશ પામ્યા તે પહેલાના તેમના જીવન તરફ એક દૃષ્ટિપાત કરીએ તો - શ્રી ગોપીનાથજી મહારાજના ગઢડા પ્રદેશમાં શૂરવીર, સમર્પિત અને ભક્તિભાવથી ભરેલા પીઠવડી ગામમાં સોહાગીયા પરિવારમાં પરમ આદરણીય મેઘજી બાપાના પુત્ર ગોકળભાઈના સંતાન તરીકે આ દૈવી મુક્તાત્માએ તા. ૧૯-૧૦-૧૯૪૬ના શુભ દિને જન્મ ધારણ કર્યો. માતાનું નામ અંબામા હતું. કુટુંબ પરિવારમાં ભાઈઓ તરીકે નાગજીભાઈ, રામભાઈ.

બાળપણમાં જ શંભુભાઈને શરીરની બિમારી રહ્યા કરતી. હૃદયના વાલ્વની તકલીફ રહ્યા કરતી, તેથી શરીરનો વૃદ્ધિ-વિકાસ નહીવત રહ્યો. કુટુંબીજનોને ગઢપુર ગોપીનાથજી મહારાજ પ્રત્યે ભારે શ્રદ્ધા અને સમર્પણભાવ તેથી આ બાળક જો સાજુ-નરવું થાય તો શ્રી ગોપીનાથજી મહારાજના ચરણમાં સમર્પિત કરવું એવો માતા-પિતાએ સંકલ્પ કર્યો.

શ્રી ગોપીનાથજી મહારાજ પ્રેમી ભક્તોના મનોરથ પૂરા કરે છે. એનું જીવંત ઉદાહરણ આ સોહાગીયા પરિવારમાં શંભુભાઈના સ્વાસ્થ્ય લાભથી સૌને અનુભવ થયો. થોડા જ સમયમાં શંભુના સ્વાસ્થ્યમાં સુધારો થવા લાગ્યો અને માતા-પિતાએ આ સ્વસ્થ બાળકને શ્રી ગોપીનાથજી મહારાજના સાનિધ્યમાં સંતોની સેવામાં સમર્પિત કર્યો.

પીઠવડી ગામનાં ગુરુ ગણાતા સંતવર્ય પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી શ્રી નારાયણચરણદાસજી સ્વામીના સેવક તરીકે ખૂબ નાની ઉંમરમાં શંભુ પાર્ષદ તરીકે જોડાયા. ગઢપુર ધામમાં નાના પાર્ષદો - સંતોને પ્રથમ પ્રાથમિક શિક્ષણ અને સત્સંગના સંસ્કારો મળી રહે તેવી મોટા સંતો વ્યવસ્થા કરતા. તદનુસાર શંભુભાઈનું પ્રાથમિક શિક્ષણ આ સંતોની નિશ્રામાં શરૂ થયું. બે વર્ષ સંતો સાથે રહીને પછી પુનઃ બાળક શંભુ પીઠવડીમાં ૫ થી ૭ સુધીનો વિદ્યાભ્યાસ પૂર્ણ કરીને ઈ.સ. ૧૯૬૩-૬૪ના શૈક્ષણિક વર્ષમાં ધોરણ - ૮માં રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં પ્રવેશ પામ્યા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના સદ્‌વિદ્યા પ્રવર્તનના પુણ્યકાર્યોની સુવાસ સમગ્ર ગુજરાત અને ભારતમાં પ્રસરી ચૂકી હતી અને ગઢપુર ધામના સંતો અને ગઢપુર દેશના હરિભક્તો આ સત્પ્રવૃતિથી સુપેરે પરિચિત હતા અને પ્રભાવિત હતા. તેથી ઘણા બાળકો સંસ્કાર યુક્ત વિદ્યાભ્યાસ માટે ગુરુકુલમાં પ્રવેશ મેળવતા.

શંભુના મોટાભાઈ નાગજીભાઈ ગુરુકુલમાં જ ભણેલા અને લાલજીભાઈ મધુભાઈ સોહાગીયા (પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી) પણ રાજકોટ ગુરુકુલમાં ધોરણ - ૬ થી પ્રવેશ પામીને વિદ્યાભ્યાસ કરતા હતા. તેથી શંભુને ગુરુકુલમાં રહેવાનું - ભણવાનું અને સંતોનું સાનિધ્ય ખૂબ

જ અનુકૂળ આવી ગયું.

શંભુભાઈ નાનપણથી અંતર્મુખી વૃત્તિ ધરાવતા દૈવી આત્મા ગુરુકુલમાં પ્રવેશ પામીને પુષ્પની જેમ ખીલી ઉઠ્યા. વિદ્યાભ્યાસ સાથે સત્સંગના સંસ્કારોનું પાલન અને ગુરુકુલની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈને પૂજ્યપાદ ગુરુદેવ સહિત સર્વે સંતો અને હરિભક્તોનો રાજીપો પ્રાપ્ત કરતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાસે ૧૯૬૦ સુધી ખૂબ જ ગણ્યા ગાઠ્યાં સાધુઓ હતા. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી, પૂજ્ય હરિપ્રસાદસ્વામી, પૂજ્ય અક્ષરજીવન સ્વામી, પૂજ્ય ભગવદ્જીવન સ્વામી, પૂજ્ય હરિજીવન સ્વામી, પાર્ષદ નારાયણ ભગત વગેરે.

ગુરુકુલની વિવિધ સેવા પ્રવૃત્તિઓના સંચાલન અને વ્યવસ્થાપન માટે સમર્પિત સાધુઓની જરૂર હતી. તે સમયે સૌ પ્રથમવાર એક સાથે પાંચ ત્યાગાશ્રમ સ્વીકારનારા સમર્પિતોની ભેટ મળી. ઈ.સ. ૧૯૬૫-૬૬માં સાધુજીવન સ્વીકારનારા - પૂજ્ય દેવકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય ભક્તિજીવનદાસજી સ્વામી, પૂજ્ય નીલકંઠચરણદાસજી સ્વામી, પૂજ્ય ભગવાનદાસજી સ્વામી અને પાર્ષદ શ્રી કનુભગત પૂજ્યપાદ ગુરુદેવના સંતમંડળમાં જોડાયા અને સમગ્ર સંપ્રદાયમાં તેમજ ગુરુકુલ પરિવારમાં જબરો પ્રભાવ પડ્યો.

આ સમયે વિદ્યાભ્યાસ કરી રહેલા શંભુભાઈ અને લાલજીભાઈ તેમજ અન્ય મુમુક્ષુ વિદ્યાર્થીઓ ઉપર આ નવા સાધુઓના સમર્પિત જીવનની ભારે અસર થઈ અને બીજી બેચમાં ૧૯૬૭માં પુનઃ પાંચ નવા સમર્પિતો પૂજ્ય ગુરુદેવના સંતમંડળમાં જોડાયા. આ સમર્પિતોમાં

૧. પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી,

૨. પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી,

૩. પૂજ્ય લક્ષ્મીનારાયણદાસજી સ્વામી,

૪. પૂજ્ય વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી,

૫. પૂજ્ય નારાયણપ્રસાદદાસજી સ્વામી.

આ મુમુક્ષુઓને વડતાલધામના ગાદીપતિ પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા આપવામાં આવી.

આ રીતે ૫૩ વર્ષ પહેલાં પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી ૧૭ વર્ષની ઉંમરે સાધુ થયા અને ગુરુકુલના વાતાવરણમાં તેમ જ સમગ્ર સત્સંગમાં યુવાન સંતોના સમર્પિત જીવનની સુગંધ પ્રસરવા લાગી.

પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીના નામ પ્રમાણેના સદ્ગુણોનું સ્મરણ કરીએ તો સૌને પ્રતીતિ થાય કે તેઓ સદાય ભગવાન શ્રી હરિ અને સંતોના દાસભાવે જ સત્સંગમાં સેવા કરતા રહ્યા. પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી ૧૯૬૭ના વર્ષમાં **S.S.C.** પાસ કરીને સાધુ થયા ત્યારપછી પૂજ્ય ગુરુદેવની આજ્ઞા પ્રમાણે સંસ્કૃત શાસ્ત્રોનો અભ્યાસ કરતા. પંડિત શ્રી અવધનારાયણ ત્રિપાઠી અને પંડિતજી વસિષ્ઠમુનિ પાસે વૈદિક સૂક્તો, સંપ્રદાયના સ્તોત્રો, અષ્ટકો અને પાયાનું સંસ્કૃત વ્યાકરણ, પંચકાવ્ય વગેરેનો અભ્યાસ અને સ્વાધ્યાય કરીને સત્સંગી જીવન, શ્રીમદ્ ભાગવત વગેરે સદ્ગ્રંથોના કથાકાર બન્યા.

પૂજ્ય શ્રીહરિ સ્વામીને સંસ્કૃત શાસ્ત્રોના વિશેષ અભ્યાસની ખૂબ જ રુચિ અને ઉત્સાહ રહ્યાં કરતો, પરંતુ ગુરુકુલની વિવિધ સેવાપ્રવૃત્તિઓ અને ગુરુ આજ્ઞામાં જ વર્તવાની રીતિ મુજબ તેઓ ડિગ્રીધારી શાસ્ત્રી કે આચાર્યનો અભ્યાસ કરી શક્યા નહી. તો પણ વિવિધ ધાર્મિક ગ્રંથો, પુરાણો અને સત્સંગના સત્શાસ્ત્રોનો સ્વયં સ્વાધ્યાય કરીને એક સારા વક્તા - કથાકાર બન્યા. જેથી સૌ તેમને પુરાણી શ્રીહરિદાસજી સ્વામી કહીને બોલાવતા.

પૂજ્યપાદ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના કડક અનુશાસન અને જીવન રીતિથી પ્રભાવિત સ્વામી શ્રીહરિદાસજીમાં સાધુતાના સદ્ગુણોનું સુપેરે સીંચન થયું હતું. તેથી તેમની જીવન રીતિ નિયમબદ્ધ, અનુશાસન પૂર્ણ અને ક્યારેક કોઈકને કઠોર લાગે એવી રહી હતી.

કથા કરવાની અને કથા સાંભળવાની ખૂબ જ રુચિ અને ઉત્સાહથી ભરેલા પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી પૂર્વતૈયારી ખૂબ જ સ્વાધ્યાય અને સ્વયં લેખન કરીને કરતા.

'બોલતા સ્પષ્ટવાણી મુખ' એ ન્યાયે પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીની બોલચાલની ભાષા સ્પષ્ટ ઉચ્ચારણ અને ઊંચા અવાજથી કથામંડપમાં છવાઈ જતી. ક્યારેક તો માઈકોફોનનાં સ્પીકર ધીમા કરવા પડે એટલા ઊંચા અવાજથી સ્વામીજી કથા કહેતા.

રાજકોટ ગુરુકુલમાં બ્રહ્મસત્ર પ્રસંગે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ આ યુવાન સંતોને કથા-પ્રવચન કરવાની આજ્ઞા આપતા, ત્યારે પુરાણી શ્રીહરિદાસજી સ્વામી અતિ ઉત્સાહથી કથાની તૈયારી કરીને સમય પાલનનું અનુસંધાન રાખીને કથા કરતા.

અમદાવાદ ગુરુકુલમાં જ્ઞાનસત્ર પ્રસંગે પણ પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીએ કથાવાર્તાનો અવારનવાર લાભ



આપેલો છે.

કથાવાર્તા સાથે પૂજ્ય શ્રીહરિસ્વામીનું સાધુજીવન, સાદગીપૂર્ણ જીવન, નિયમ ભરેલું જીવન સૌના અંતરમાં આદરભાવ પ્રગટ કરતું અને તેથી જ આ સંત સૌના વહાલા અને સૌના હૃદયમાં સ્થાન પામી ચૂક્યા હતા.

રાજકોટ ગુરુકુલમાં વર્ષો સુધી ગુરુદેવની આજ્ઞા પ્રમાણે વિદ્યાર્થીજીવનમાં સંસ્કારોનું સીંચન થાય એવા હેતુથી નિત્ય-નિયમિત ચાલતા ધાર્મિક શિક્ષણના વર્ગોનું સંચાલન, અભ્યાસક્રમનું આયોજન અને વાર્ષિક પરીક્ષાના સંચાલક તરીકે પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીની નિષ્ઠાપૂર્ણ સેવા સૌને યાદ રહેશે.

ધાર્મિક વર્ગોમાં સત્સંગની પાયાની કેળવણી સાથે સત્સંગી તરીકેનો નિત્ય દૈનિક ક્રમ, માનસીપૂજા, પ્રત્યક્ષ પૂજાવિધિ, સાયંકાલીન પ્રાર્થનાઓ, સ્તોત્રો, અષ્ટકો, કીર્તનો અને સત્સંગની પ્રેરક વાતોથી વિદ્યાર્થીઓ અને સાધુઓના જીવન ઘડતરમાં પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીનો ફાળો અજોડ રહ્યો છે. શ્રીહરિદાસજી સ્વામી ગુરુકુલ પરિવાર માટે જીવતા-જાગતા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિપૂર્ણ એકાંતિક ધર્મના જીવંત ઉદાહરણ હતા.

દરરોજ પ્રાતઃ કાળે વહેલા ઊઠી જ જાય. સ્નાનાદિક ક્રિયાઓમાં પણ નિયમ અને શુદ્ધિનો કાયમ આગ્રહ રાખીને સૌને પ્રેરણા આપતા. પૂજ્ય સ્વામીજીની પૂજા એટલે પૂર્ણ વિધિ-વિધાન પ્રમાણે થતી પૂજા - જેમાં પૂજ્યપાદ પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી સ્વામીએ સોંપેલા ઠાકોરજીની પંચોપચાર-ષોડશોપચાર પૂજા સહિત સર્વમંગલ સ્તોત્રનો નિત્યપાઠ અને એકાગ્રતાથી મંત્રજપ સાથે પૂજાના દર્શન કરનારાને આધ્યાત્મિક સ્પંદનો સહેજે સહેજે પ્રાપ્ત થાય.

સાધુજીવન સ્વીકાર્યા પછી પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી દરરોજ એક જ વખત ભોજનપ્રસાદ લેતા. કોઈ દિવસ તેઓએ બીજીવાર ભોજન કરેલ નથી. અર્થાત્ એક તપસ્વી સાધુ અને એક ભજન-ભક્તિમાં તલ્લીન રહેનારા સાધુ તરીકે એમનો પ્રભાવ સૌને અનુભવાયો છે. બપોરના ભોજન પછીની વચનામૃતની કથા તેઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી ચૂક્યા જ નથી.

પૂજ્યપાદ જોગીસ્વામીના આજ્ઞાંકિત સેવકસાધુ તરીકે હંમેશા શ્રીહરિ સ્વામી પૂજ્ય જોગી સ્વામીનું માર્ગદર્શન મેળવતા. પૂજ્ય જોગી સ્વામીની જ પ્રેરણાથી પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી સત્સંગના વિવિધ ગામડાઓમાં મંદિરો બાંધવાની સેવામાં આજીવન જોડાયા હતા. ગામડાના મંદિરો સંસ્કાર કેન્દ્રો બની રહે તેવી રીતે શ્રદ્ધાવાન હરિભક્તોને આગળ રાખીને પૂજ્ય શ્રીહરિ સ્વામી અલિપ્ત ભાવે આ સેવા કરતા અને ક્યારેય કોઈને મંદિરો માટે આર્થિક સેવાની પ્રેરણા કરતા સાંભળ્યા નથી કે આડકતરા ઈશારા કરતા પણ જોયા નથી. આ એમની સાધુતાનો પુરાવો છે. એક સ્વાધ્યાયશીલ સંત તરીકે પૂજ્ય શ્રીહરિ સ્વામી સતત વાચન, લેખન, સંશોધન અને સંપાદનનું સેવાકાર્ય કરતા રહ્યા.

રાજકોટ ગુરુકુલથી પ્રકાશિત 'સદ્‌વિદ્યા' માસિકમાં નિયમિત રીતે શ્રી હરિચરિત્રામૃત સાગરમાંથી 'વીણેલાં મોતી' નામની લેખમાળા દ્વારા તેઓ સૌને જીવન ઉપયોગી સૂત્રો પીરસતા હતા. તદુપરાંત વિદ્યાર્થીઓ અને સર્વ સત્સંગીઓના જીવનમાં સંસ્કારની પ્રેરણા મળે તેવું પુસ્તક 'સંસ્કાર સિંચન' પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી અને

પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ તૈયાર કરેલું, જે ધાર્મિક પરીક્ષાઓમાં સામાન્ય જ્ઞાન **(General Knowledge)** માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થયું.

સ્વાધ્યાય દરમિયાન મધમાખીની જેમ જે ઉપયોગી, સંસ્કાર પ્રેરક લાગે તેની અલગ નોંધ કરવાની સ્વામીજીને ભારે ટેવ હતી. જેને લીધે પૂજ્ય સ્વામીજીના આસનેથી પુસ્તકો અને નોંધપોથીઓ વિપુલ માત્રામાં મળેલ છે. જેમાં સુભાષિતો, સુપદ્યો, સૂત્રો, વિવિધ કથા પ્રસંગોની ટૂંકી યાદી અને સાખીઓ નોંધાયેલી છે.

પૂજ્ય શ્રીહરિ સ્વામીએ સંપાદિત કરીને પ્રકાશિત કરેલ સત્સંગ સાહિત્યમાં

૧. સંસ્કાર સિંચન - ૧૧ આવૃત્તિઓ પ્રકાશિત થયેલી છે. (સત્સંગ સંસ્કારો સહિત જીવન ઘડતરની પાયાની કેળવણી)

૨. અમૃતકુંભ - ૬ આવૃત્તિઓ પ્રકાશિત થયેલી છે. (જીવનમાં જ્ઞાન સંપાદન માટે ઉપયોગી)

૩. સહસ્ત્ર સૂત્રાવલિ - (ઉર્ધ્વગામી જીવન માટેના ૧૦૦૦ પ્રેરક સૂત્રોનો સંપૂટ)

૪. વચનામૃત સારસંગ્રહ - ૨ આવૃત્તિઓ પ્રકાશિત થયેલી છે. (વચનામૃતમાંથી ચૂટેલા સારરૂપ બોધવચનો)

૫. વચનામૃત પ્રદીપ - વચનામૃતમાં શ્રીજી મુખે પ્રગટેલા સત્‌શાસ્ત્રોના શ્લોકોનો ભાવાનુવાદ

પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી ત્યાગાશ્રમમાં આવ્યા પછી સતત ૫૩ વર્ષ સુધી તપ-ત્યાગમય અને ભજન - ભક્તિમય જીવન પસાર કરીને ૭૦ વર્ષ પૂર્ણ થતા કોઈપણ પ્રકારની શારીરિક - માનસિક બિમારી વિના શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - મેમનગરમાં પોતાના આસને ધ્યાનમુદ્રામાં બેસીને સાહજિક રીતે અક્ષરવાસી થયા ત્યારે સાયં આરતી થઈ રહી હતી અને એક સેવક વિદ્યાર્થી પૂજ્ય સ્વામીજીની સેવામાં હાજર હતો. પૂજ્ય શ્રીહરિસ્વામી આરતી દર્શન માટે બહાર ન આવ્યા ત્યારે સેવક રડવા લાગ્યો અને સંતોને જાણ કરી કે સ્વામી જાગતા નથી.

સંતોએ તપાસ કરતા માલૂમ પડ્યું કે પૂજ્ય શ્રીહરિ સ્વામી ભૌતિક દેહનો ત્યાગ કરીને શ્રીજી મહારાજના અક્ષરધામમાં સીધાવ્યા છે.

તા. ૩૧-૦૧-૨૦૧૭ મહા સુદ - ચતુર્થીના દિવસે સાયંકાળે પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી અક્ષરવાસી થયા.

આ સંતવર્યનું જીવન સંતો - હરિભક્તો - વિદ્યાર્થીઓ સહિત સૌના માટે પ્રેરણારૂપ હતું. છેલ્લા ૭ વર્ષથી પૂજ્ય શ્રીહરિ સ્વામી અમદાવાદ મેમનગર ગુરુકુલ ખાતે નિવાસ કરીને રહ્યા - એ દરમિયાન સતત કથાવાર્તા, સત્સંગ વિચરણ, મંદિર નિર્માણ, મહાપૂજા - પધરામણી અને સાહિત્ય સંપાદન સેવાકાર્યોમાં વ્યસ્ત રહ્યા.

ગુરુકુલ સહિત સમગ્ર સત્સંગ સમાજે એક આદર્શ જીવન જીવનારા સંત ગુમાવ્યા છે અને આજના વિપરીત સમયમાં પોતાના જીવનથી જ સત્સંગના સંસ્કારોની સુવાસ ફેલાવનારા આ સંતવર્યની જીવન સુગંધ સૌને કાયમ પ્રેરણા આપતી રહેશે.

## ગુરુભક્ત વિદ્યાર્થી

પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી જ્યારે પૂર્વાશ્રમમાં હતા તે સમયનો એક પ્રસંગ છે.

ગુરુકુલમાં વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવેલો. સત્સંગના સંસ્કારો વારસામાં હતા જ. મેઘજીબાપા સોહાગીયા વ્યાવહારિક અને સત્સંગ બન્ને રીતે પ્રભાવશાળી પુરુષ હતા. ગઢડા દેશમાં મેઘજીબાપાની જબરી આબરૂ હતી. ગુરુકુલની સદ્‌વિદ્યા પ્રવૃત્તિ પ્રત્યે સૌને ખૂબ જ લગાવ હતો; તો પણ સમાજમાં અને રૂઢિગત જીવનને જ શ્રેષ્ઠ માનતા લોકોમાં ગુરુકુલની એક સૂગ હતી, તેથી ક્યારેક કોઈ ખાનગીમાં અને ક્યારેક જાહેરમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની આ સેવાપ્રવૃત્તિઓની નિંદા થતી રહેતી.

વેકેશનનો સમય હતો. વિદ્યાર્થી તરીકે વિદ્યાઅભ્યાસ કરતા શંભુભાઈ સોહાગીયા પોતાના વતનમાં ગયેલા. એ સમયે મંદિરના એક સમારંભમાં કોઈ આગેવાન સંતે સત્સંગની વાતો કરતા કરતા પોતાના ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી અને ગુરુકુલની પ્રવૃત્તિ વિષે હળવા વેણ ઉચ્ચાર્યા.

એ સમયે ચૌદ વર્ષની ઉંમરના બાળક શંભુએ જાહેરસભામાં ઊભા થઈને તે વક્તાને અટકાવ્યા અને કહ્યું કે, 'આપ આદરણીય છો અને અહીં સૌ સત્સંગ-કથાવાર્તા સાંભળવા આવ્યા છે, માટે આપ સત્સંગની સારી વાતો કરો અને ગુરુકુલ કે અમારા ગુરુદેવની નિંદા છોડો, એમાં જ સૌનું કલ્યાણ થશે.'

બાળકના સ્પષ્ટ અને ધારદાર વચનોથી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ અને એમાં પણ આ તો મેઘજીબાપાનો પૌત્ર છે, વળી ગુરુકુલમાં ભણે છે તેથી વક્તાએ પોતાની વાતનો દોર બદલીને સત્સંગ શરૂ કર્યો.

આ શંભુભાઈ એ જ આપણા પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી. પોતે સત્યનિષ્ઠ અને સત્યના પક્ષપાતી હતા. તેથી ક્યારેય ખોટું સહન કરી શકતા નહી. ક્યાંય પણ ખોટું થતું હોય તો તરત જ કડક શબ્દોમાં ઊંચા અવાજે એ ખોટું કરનારને સ્પષ્ટ રીતે જે સાચું હોય તે કહી દેતા. તેથી ક્યારેક પૂજ્ય સ્વામીજી સાંભળનારાને કઠોર લાગતા, પરંતુ ખરા અર્થમાં તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાચા સંત અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના સંનિષ્ઠ શિષ્ય હતા.

## યે હૈ સંસ્કાર કી બલિહારી

વિક્રમ સંવત્ ૨૦૨૩, વડતાલ ધામમાં ચૈત્ર માસનો સમૈયો ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. સમગ્ર સત્સંગના ધામ-ધામથી અને ગામોગામથી સંતો-હરિભક્તો વડતાલમાં સમૈયાનો લાભ લેવા, દેવ દર્શન કરવા અને સત્સંગ કરવા આવ્યા છે.

આ ચૈત્રી સમૈયામાં વડતાલ ધામના પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજ શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજના નિવાસ સ્થાન રઘુવીરવાડીમાં એક યજ્ઞ ચાલી રહ્યો છે. આ યજ્ઞમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યાગાશ્રમી તરીકેના ભાગવતી દીક્ષા ગ્રહણ કરવાના વિધિ-વિધાન ચાલી રહ્યા છે.

આ સમર્પણયજ્ઞમાં પાંચ યુવાન મુમુક્ષુઓ સૌનું ધ્યાન ખેંચી રહ્યા છે. પાર્ષદના વેશમાં રહેલા દરેક મુમુક્ષુની ઉમર ૧૭-૧૮ વર્ષની દેખાય છે. હજુ મૂછના દોરા ફૂટી રહ્યા છે અને ચહેરા પર સંસ્કારોનું ઓજસ અને સમર્પણભાવના તેજ ઝળકી રહ્યા છે.

આ પાર્ષદો રાજકોટ ગુરુકુલના શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના શિષ્યો છે. ગુરુકુલમાં જ **S.S.C.** સુધીનો વિદ્યાભ્યાસ પૂર્ણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની ત્યાગ-વૈરાગ્યમય ભગવી ચુંદડી

ઓઢવા માટે આ મુમુક્ષુઓ તત્પર બન્યા છે.

પાર્ષદો તરીકેના નામ છે,

૧. પાર્ષદ લાલજીભગત :-
લાલજીભાઈ લીલા, ગામ - મોટા મૌવા.

૨. પાર્ષદ શંભુભગત :-
શંભુભાઈ સોહાગીયા, ગામ - પીઠવડી.

૩. પાર્ષદ લાલજીભગત :-
લાલજીભાઈ સોહાગીયા, ગામ - પીઠવડી.

૪. પાર્ષદ જસમતભગત :-
જસમતભાઈ કોરાટ, ગામ - પારડી.

૫. પાર્ષદ બચુભગત :-
બચુભાઈ કરશનભાઈ, ગામ - ગુંદા.

આ પાંચેય પાર્ષદો ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને સંતોના સાનિધ્યમાં રહીને ત્યાગ-વૈરાગ્યની સમજણ પામ્યા પછી ત્યાગાશ્રમમાં જોડાઈ રહ્યા છે, એવી વાતો સાંભળીને આ પાર્ષદોને નિહાળવા અને મળવા સૌ ઉત્સુક બન્યા.

આચાર્ય મહારાજશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે તમામ વૈદિકવિધિ સંપન્ન કરાવીને ગુરુમંત્ર દીક્ષા આપવાનું શરૂ કર્યું, તે પહેલા આ મુમુક્ષુ પાર્ષદોની સામે જોઈને કેટલાક પ્રશ્નો પૂછ્યા અને સરળ, નિખાલસ ઉત્તરો સાંભળીને મહારાજશ્રી થોડું હસ્યા અને આશીર્વાદ સાથે ગુરુમંત્ર આપ્યા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ક્રમશઃ સાધુના નામ પાડ્યાઃ

૧. સ્વામી લક્ષ્મીનારાયણદાસજી.

૨. સ્વામી શ્રીહરિદાસજી.

૩. સ્વામી બાલકૃષ્ણદાસજી.

૪. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી.

૫. સ્વામી નારાયણપ્રસાદદાસજી

ચારે બાજુ જય જયકાર થઈ રહ્યો છે. તેની વચ્ચે પોતાના ગુરુ પાસેથી આ પાચેય મુમુક્ષુઓએ ભગવી કંથા ગ્રહણ કરી અને સૌ ભગવા રંગે રંગાયા, ત્યારે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ કેટલાક હરિભક્તો આગળ 'સંસ્કારની બલિહારી'ની વાતો કરી રહ્યા હતા.

'સંસ્કારની બલિહારી' નામનું એક અસરકારક નાટક વર્ષો સુધી ગુરુકુલના વિદ્યાર્થીઓ પ્રસંગોપાત ભજવતા. આ નાટકનું લેખન સદ્‌વિદ્યાના તંત્રી પરમ ભક્તરાજ શ્રી મહેન્દ્રભાઈ શેલતે કર્યું હતું. આ સંસ્કારની બલિહારીના બે મુખ્ય પાત્રો પરભુલાલ અને રતનલાલ ખૂબ જ લોકચાહના પામ્યા હતા.

સદ્‌વિદ્યા માસિક (વર્ષ ૧૯૬૭ - જૂન)ની સમાચાર નોંધ પ્રમાણે... અત્રે એ યાદ આપવું જરૂરી છે કે તાજેતરમાં મુંબઈ અને જૂનાગઢમાં ભજવાયેલ 'સંસ્કારની બલિહારી'ના મુખ્યપાત્રો પરભુલાલ અને રતનલાલ એ અનુક્રમે બે વિદ્યાર્થીઓ (શંભુભાઈ સુહાગીયા અને લાલજીભાઈ સુહાગીયા) હતા. ઊંડા વિચારક અને ફીલસૂફ પરભુલાલ જે કહેતા કે, 'કનક, કાંતા, કીર્તિ અને ક્લેશની ચોપાટીમાં અથડાવા કરતા મને તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની ચોપાટીમાં ખેલવું ગમે.' એ એમણે ચરિતાર્થ કરી બતાવ્યું અને રતનલાલના પણ સાચે જ પેઢીગત સુષુપ્ત સંસ્કારો ખીલી ઊઠ્યા.

આ છે સંસ્કારની બલિહારી !!!

ગુરુકુલની અનેકવિધ સદ્‌વિદ્યા-સંસ્કાર સીંચનની પ્રવૃત્તિઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમોને ૫૦ વર્ષ પહેલા નાટક-ચેટક અને ભવાઈ જેવા ગણવામાં આવતા. નાટકની અભિનય કલામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને પણ હલકી નજરે જોવામાં આવતા, પરંતુ જો સાચા સંતોનો યોગ હોય, વડીલ ગુરુજનોનું યોગ્ય માર્ગદર્શન અને નિરીક્ષણ હોય તો નાટક ભજવતા ભજવતા પોતે જ સત્સંગના સાચા રંગે રંગાઈ ગયાના ઉદાહરણ તરીકે 'સંસ્કારની બલિહારી' નાટક દ્વારા પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી જેવા સંતોની સત્સંગને - ગુરુકુલ પરિવારને ભેટ મળી છે.

પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીના ધ્યાનમુદ્રામાં અક્ષરધામગમન નિહાળીને આપણે પણ કહીએ છીએ કે 'યે હૈ સંસ્કાર કી બલિહારી...'



# ગુરુદેવનો રાજીપો

**(પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે અમેરિકાથી પૂજ્ય શ્રીહરિ સ્વામીને લખેલો પત્ર)**

॥શ્રીહરિ ॥

અમેરિકા - તારીખ : ૨૨-૫-૮૩ : હ્યુસ્ટન

શ્રીજી મહારાજના લાડીલા વહાલા સંત શ્રી પુરાણી શ્રીહરિદાસજી, મુ. રાજકોટ

લી. શાસ્ત્રી ધર્મજીવનદાસના ઘણા હેતથી જય શ્રી સ્વામિનારાયણ સાથ શુભાશીર્વાદ વાચવા.

મારે શરીરે શ્રીજી દયાથી સારુ છે. સહુ સંતો પણ સુખેથી ભજન-સ્મરણ, કથા-વાર્તા કરે છે. તમો બધા પણ શાંતિ-સુખરૂપ હશો. વેકેશન ખુલી ગયું હશે. વિદ્યાર્થીઓને ધાર્મિક ક્લાસ ચાલતા હશે. તમે ધાર્મિક વિભાગમાં સારી સેવા આપો છો. આપણે આ ગુરુકુલ વિદ્યાર્થીઓના જીવનને પવિત્ર બનાવવા જ સ્થાપ્યું છે. મનુષ્ય જન્મ ભગવાને પણ જન્મ-મરણ રહિત થાવા આપ્યો છે. તે માર્ગમાં તમને સારી રૂચી છે. શ્રદ્ધાથી વિદ્યાર્થીઓને શિખવાડો છો. શ્રીજી મહારાજ તમારી ઉપર રાજી થતા હશે. સુકંઠી અને હુશિયાર વિદ્યાર્થીઓને કીર્તન વગેરેમાં શ્રદ્ધા રાખતા શિખવવું. કળિયુગમાં કીર્તન જેવું બીજું ભગવાનને રાજી કરવાનું સાધન નથી. આપણે પણ તે અનુસંધાને ભગવાનને રાજી કરવા શિખડાવવું.

તમે સમજુ છો. ધર્મ તમને વહાલો છે, તે મારી જાણમાં બરાબર છે. જેથી તમારા ઉપર હું ખુબ રાજી છું.

આપણે સાધુ થયા પછી કોઈ ખોટા મિથ્યાભિમાની ડોળ કરે તે મને ગમે નહીં. તેઓ પોતાનું બગાડે છે. નાના સંતો શ્રદ્ધાવાળા હોય ને સાધુતામાં સારા હોય તેને કાંઈ ભણાવવું ઘટે તે ભણાવવું. તેમાં કંઠે કરવાનું મુખ્ય રખાવવું, તોજ આગળ વધી શકાય. જે રીઢા થઈ જાય છે તે કંઠે કરતા નથી ને બારોબાર મોટા થવા માગે છે. તે ઘણી મોટી ખોટ્ય ખાય છે ને દેહાભિમાનને વધારે છે. જેથી પોતે જ દુઃખના દિવસો પસાર કરે છે. આપણે શ્રીજીની આજ્ઞા પ્રમાણે વરતી બીજાને વરતાવવા પ્રયત્ન કરવો, તો આપણા ઉપર શ્રીજી મહારાજ રાજી થાય છે.

આજે પરદેશમાં ગુરુકુલના સંતોની આબરૂ વધતી જાય છે. મંદિરોમાંથી જે કોઈ પરદેશમાં જાય છે, લોકો તેમની ક્રિયા દેખે છે, તેનાથી કંટાળે છે. ને સંતો ગુરુકુલની આબરૂ વધારતા આવે છે. દેવની માયા તેને સૂઝવા વા દેતી નથી.

આજે ગુરુકુલના તમો સંતો તમારી આબરૂ શ્રીજી મહારાજ વધારતા જાય છે, તેમાં આપણે ફૂલાવાનું નથી પણ આબરૂ વધારે વધે, શ્રીજી મહારાજ રાજી થાય તેમ નવા સંતોને તમારે યાદી આપવી. તમારી ઉપર હું રાજી છું. તમને ધર્મ અને ભક્તિ બન્ને વહાલા છે.

લી. શાસ્ત્રી ધર્મજીવનદાસના ઘણા હેતથી જય શ્રી સ્વામિનારાયણ સાથ શુભાશીર્વાદ.

# એવા સંતને નામું હું શીશ

**- લક્ષ્મણભાઇ આદ્રોજા**

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનેક ભાગવત સંતોએ પોતાના જીવન અને કાર્યો દ્વારા કલ્યાણકારી બોધ આપ્યો છે. તેઓના જીવનમાંથી જગતને ઉંચેરુ જીવન જીવવાની પ્રેરણા મળી છે.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં સાચા સંતના લક્ષણ વિષે ખૂબજ ઝીણવટ પૂર્વક લખીને તેઓના વિશિષ્ટ સદ્‌ગુણોનું વર્ણન કરેલું છે. તેમાં તેઓએ એક ચોપાઈમાં સંતગુણનું આ પ્રમાણે વર્ણન કરેલ છે.

**"દ્વેષ નહિ, સંગ્રહ રહિતા, વિવેકી વિચાર ધર્મવંતા, સદા પવિત્ર ને શુભ વેશ એવા સંતને નામુ હું શીશ."**

આ સદ્‌ગુણો અક્ષર નિવાસી સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજીને પૂર્ણ રીતે લાગુ પડે છે. તેઓમાં અન્ય અનેક સદ્‌ગુણો હતા. તેઓ પંચવર્તમાને યુક્ત શ્રીહરિની

આજ્ઞાને અનુરૂપ જીવન જીવનારા સંત તરીકે આ જીવનમાં ક્યારેય શ્રીહરિના વચનોનું ઉલ્લંઘન નથી કર્યું.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સાનિધ્યમાં સાધુ દીક્ષા ગ્રહણ કર્યા પછી અનુક્રમે ચડતા ને ચડતા રંગ સાથે સત્સંગ પ્રવર્તનનાં કાર્યોમાં જોડાઈ ગયા. ગુરુદેવના આદેશને અનુસરીને સત્સંગવિકાસની વિવિધ પ્રવૃત્તિઓમાં જીવનભર પ્રવૃત્ત રહ્યા.

ગુરુકુલમાં દાખલ થતાં વિદ્યાર્થીઓને સંપ્રદાયની રીત-રસમ શીખવે, અષ્ટકો-સ્તોત્રો, પ્રાર્થનાઓના વર્ગો ચલાવી સત્સંગના સંસ્કાર આપે. લેખિત કે મૌખિક ધાર્મિક પરીક્ષાઓ લે. 'સંસ્કાર સિંચન' નામનું પુસ્તક પણ પ્રકાશિત કર્યું.

મોટા સંતોની આજ્ઞામાં રહી મહાપૂજા કરવી, હરિમંદિરોના નિર્માણ કે જીર્ણોદ્ધાર કરવા, તેમજ સત્સંગ વિચરણ સત્સંગ સભાઓ દ્વારા સત્સંગીઓને સત્સંગનું બળ પ્રેરવું. આવા અનેક કાર્યો દ્વારા મોટા સંતોના કૃપાપાત્ર પણ બની શક્યા. તપપ્રધાન જીવન જીવીને અનેકના પ્રેરણા સ્રોત બની રહ્યા. દિવસમાં એક જ વખત જમતાં. કોઈ પદાર્થપાનનો જીવનમાં સંગ્રહ નથી કર્યો. અનુષ્ઠાનલક્ષી જીવન જીવીને વ્રતનિયમમાં ટેકીલા સંત તરીકે એક ધારુ જીવન એ એમની વિશેષતા હતી. કોઈપણ પ્રતિષ્ઠાની અપેક્ષા વિનાનું જીવન. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય જોગી સ્વામી તેમજ પૂજ્ય પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી વગેરે સદ્‌ગુરુ વડીલ સંતોને અનુસરી સત્સંગ સેવાની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઈષ્ટદેવની કૃપા પ્રાપ્ત કરવી એ એમનાં જીવનનું મુખ્ય ધ્યેય હતું.

એમને જીવતાં અને જાતાં આવડ્યું. જીવનયાત્રામાં સંતત્વને ક્યાંય ડાઘ નથી લાગવા દીધો. અલ્પ જરૂરિયાતમાં જીવી જવું અને શ્રીહરિના ગુણાનુવાદનું સતત રટણ અને સ્મરણ કરવું, એ વિષે આલેખન કરવું એ એમની ધ્યાનાકર્ષક જીવનરીતિ હતી.

એમનાં કહેવા મુજબ જ્યારે જૂનાગઢ ગુરુકુલના મુગટ સ્વામી ધામમાં ગયા પછી તે સંસ્થાની જવાબદારી વહન કરવાનો કળશ તેઓની ઉપર ઢોળાયો ત્યારે તેઓ પૂજ્ય જોગી સ્વામી પાસે ગયા. પગે લાગીને વાત કરી, "સ્વામી ! જૂનાગઢ ગુરુકુલનું સંચાલન કરવાનું સ્વીકારું ?" તો જોગી સ્વામીએ કહી દીધું, "ના; આપણે સત્સંગ વિચરણ કરવું, મંદિર બાંધવા, મહાપૂજા કરવી એ બરાબર છે."

બસ મોટા સંતના શબ્દો જીવનમાં મંત્ર બની ગયા ને પદ-પ્રતિષ્ઠાથી પર રહી જીવનના છેલ્લા શ્વાસ સુધી એમને અનુસરતાં રહ્યા. કેવું અઘરું કામ સહજતાથી સંત વચનમાં વિશ્વાસ-શ્રદ્ધા રાખીને જીવનભર સ્વીકારી લીધુ.

આંતર-બાહ્ય સદા પવિત્ર રહેનાર ધર્મવંતા પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીના ચરણમાં કોટિ કોટિ વંદન...

## 'સંત પરમ હિતકારી જગતમાંહી, સંત પરમ હિતકારી'

**- રમણીકભાઇ રૂપારેલીયા**

શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજીના સંતમંડળના ગુણાતીત ઝોકના એક સંત એટલે પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી, જે તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ યોગીવરને છાજે તેવી રીતે ભૌતિક દેહનો ત્યાગ કરી ૭૦ વર્ષની વયે આપણી વચ્ચેથી અક્ષરવાટ પકડી ભગવાન શ્રીહરિની સેવામાં સ્થાન લીધું.

શ્રીહરિદાસજી સ્વામી નખશિખ સાધુતાની મૂર્તિ હતા. અતિ નિઃસ્પૃહી અને ભજનિક સાધુ એવા શ્રીહરિ સ્વામીએ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની સામે બેસીને વચનામૃતના રહસ્યો અને હૃદગત અભિપ્રાયો ઝીલ્યા અને જીવનમાં સાકારિત કર્યા. સામે બેસીને માના દૂધ પીધા હોય તે કદી ગોઠણિયા વાળે ખરા ? વચનામૃતના અભ્યાસી સંત એવા શ્રીહરિ સ્વામીનું ગુરુકુલના નૈમિષારણ્ય સમા ક્ષેત્રમાં સંતજીવનનું યોગ્ય ઘડતર થયું. સાધુજીવનને યોગ્ય ઘાટ મળ્યો. સમર્થ ઘડવૈયા મારફતે તો યોગ્ય ઘાટ જ મેળોને !!!

પૂજ્ય શ્રીહરિ સ્વામી પોતે મહાપૂજા કરતા અને ગૃહસ્થ ભક્તોના ઘરે પણ મહાપૂજા કરાવતા રહ્યા. વળી સંપ્રદાયના છ અંગો પૈકી એક અંગ છે મંદિર. મંદિરો તો શાશ્વત શાંતિના ધામ છે. સત્સંગ સંવર્ધન અને સત્સંગ પોષણના કેન્દ્રો છે, સંસ્કારકેન્દ્રો છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની અનુમતિ અને પૂરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી ઘણા બિનસત્સંગી ગામડાઓમાં નૂતન હરિમંદિરો નિર્માણ કરીને સંપ્રદાયની ખૂબ મોટી સેવા કરી છે. નૂતન મંદિર નિર્માણની સંખ્યા કાંઈ નાની સૂની નથી, એ સંખ્યા ૬૦ થી ૭૦ થવા જાય છે.

નવાઈની વાત એ છે કે નૂતન મંદિર તૈયાર કરાવી પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કરી જે તે મંદિરનો દસ્તાવેજ તૈયાર કરાવી જે શિખરબદ્ધ મંદિરના તાબામાં હોય દે દેવને અર્પણ કરતા. નૂતન મંદિર નિર્માણના સેવાકાર્યમાં વહીવટ પણ ખૂબ ચોખ્ખો રાખતા. વળી દર વર્ષે જે તે મંદિરોના વાર્ષિકી પાટોત્સવમાં પોતે હાજરી આપી સત્સંગસમાજને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડતા. મંદિર નિર્માણ કાર્ય કે વાર્ષિકી પાટોત્સવમાં પાઈ-પાઈનો હિસાબ રજૂ કરી મંદિરનો વહીવટ જે તે ગામના આગેવાન હરિભક્તોને સોંપી દેતા. પોતે કાંઈ ગળે વળગણ રાખ્યું જ નહોતું.

શ્રીહરિ સ્વામી પોતે તપસ્વી સંત હતા. બપોરે એકવાર ભોજન લેતા; કોઈવાર તો ફલાહારથી ચલાવી લેતા. કોઈ ચીજવસ્તુ કે પદાર્થ-પાનાનો પરિગ્રહ જ નહિ એ એમના સંતજીવનનનું જમા પાસુ હતું. બપોરના વચનામૃત વાચનનો અતૂટ નિયમ. સાંજે ગોડીથી માંડીને નિયમચેષ્ટાના પદો બોલ્યા વિના સુવાય જ નહિ એવી એમની ટેક હતી. મુસાફરી વખતે વાહનમાં હોય તો પણ પોતાના નિત્ય નિયમનો ભંગ ક્યારેય ન થવા દેવો એ એમનો જીવનમંત્ર હતો.

પચાસેક વર્ષના ત્યાગી જીવનમાં શ્રીહરિ સ્વામીની એક રહેણી રહી. હમેશા ચડતો ને ચડતો રંગ. કથાવાર્તા કરતા હોય ત્યારે સહેજ મોટેથી કે થોડું ઉતાવળે બોલાય, પણ મહારાજની ખુમારીનું એ પરિણામ હતું. જુસ્સો તો અમાપ. વચનામૃતમાં સોનાના અને મીણના દોરાની વાત કરવામાં આવી છે. શ્રીહરિ સ્વામીનું જીવન પહેલેથી છેલ્લી ઘડી સુધી એક સરખું જ રહ્યું. જાણે સોનાનો દોરો!

વ્યવહારમાં ક્યાંય અસત્ય કે અન્યાય જેવું જણાય, ત્યારે પૂજ્ય સ્વામી જરા આકળા થઈ જાય એવો સ્વભાવ. એવી વેળાએ સાચી વાત જણાવી દેવાની એમની ટેવ. શ્રીહરિ સ્વામીને વિદ્યાર્થીકાળમાં માધ્યમિક શિક્ષણમાં સંસ્કૃત ભણાવવાનો સુઅવસર મને મળેલો તેને હું મારા શિક્ષકજીવનની ધન્યતા માનું છું.

શ્રીહરિ સ્વામી કથા-વાર્તા કરવા બેસે એટલે એમનો ઉત્સાહ અતિ વધી જાય. એમની કથામાં માનવદેહની દુર્લભતા, ક્ષણભંગૂરતા અને સાર્થકતાની વાતો તો અદ્‌ભુત હતી. વિવિધ ઉદાહરણો આપી રજૂઆત કરતા ત્યારે તેમની હૃદય સોંસરવી ઉતરી જાય એવી વેધક અને હૃદયસ્પર્શી રજૂઆત દાદ માંગી લે તેવી હતી. એમની કથામાં શ્રીમદ્ ભાગવતના આ શ્લોકો તો અવશ્ય સાંભળવા મળે જ. 'યસ્યાત્મબુદ્ધિઃ કુણપે ત્રિધાતુકે....સ એવ ગોખરઃ ॥' વાત, પિત્ત અને કફ - ત્રિધાતુથી યુક્ત એવા પોતાના દેહમાં અને પુત્રફલપ્રાપ્તિમાં જેવી આત્મબુદ્ધિ છે અને પવિત્ર જળમાં જેવી તીર્થબુદ્ધિ છે તેવી જ આત્મબુદ્ધિ અને તીર્થબુદ્ધિ જેને ભગવાન અને ભગવાનના પરમ કલ્યાણ કારી સંતમાં નથી એ બળદ અને ગધેડા સમાન છે. (ગ.અં.૫૪).

શ્રીહરિ સ્વામી ત્યાગાશ્રમમાં રહીને જીવનની શ્વેતચાદરમાં ક્યારેય કાળો ડાઘ ન લાગે એ માટે સતત સાવધાની માટે જાણપણારૂપી દરવાજે જાગૃત હતા. અણીશુદ્ધ સારધાર રહીને જીવન વ્યતીત કરનાર શ્રીહરિ સ્વામીએ પોતાનો અંતસમો પણ સુધારી લીધો. જેમ કોઈ વેપારી વરસ દરમિયાન કેટલું કમાયા એ તો દિવાળીએ હિસાબનો ચોપડો બતાવે, તેમ કેવું જીવન જીવ્યા એ તો અંતસમો બતાવે. શ્રીહરિ સ્વામીના જીવનની સાચી કમાણીનો સબળ અને સજ્જડ પુરાવો એમના અંતિમ સમયે જ મળી ગયો ! માણસનું પ્રતિબિંબ જેમ અરીસામાં ઝીલાતું હોય છે, તેમ જીવનનું પ્રતિબિંબ જીવનની અંતિમ ક્ષણોમાં ઝીલાતું હોય છે.

પંચવ્રતે શૂરાપૂરા એવા શ્રીહરિદાસજી સ્વામીએ પોતાના ૫૩ વર્ષોના ત્યાગી જીવનમાં ગુરુકુલમાં રહીને સંસ્થાની અને સત્સંગની અમૂલ્ય સેવા કરી છે. એસ.જી.વી.પી ગુરુકુલ પરિવાર - રાજકોટનું પટેલનગરમાં રહીને પોષણ કરતા રહ્યા. રાજકોટનો એસ.જી.વી.પી ગુરુકુલ પરિવાર પૂજ્ય શ્રીહરિ સ્વામીનો હમેશા ઋણી રહેશે.

આવા ત્યાગી સંતને ગૃહસ્થાશ્રમી શું શ્રદ્ધાંજલિ અર્પી શકે ? સંતજીવનની ગરિમા, ગૌરવ અને ઊંચાઈને મૂલવવાની માપપટ્ટી જ નથી ત્યારે આવા ઉમદા કોટિના સંતને મૂલવનાર હું કોણ?

પોતાના ધામમાં ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ પૂજ્ય સ્વામીને પોતાની ચરણસેવાનું અખંડ સુખ આપે એવી પ્રાર્થના સહ પૂજ્ય સ્વામીના પાવન ચરણોમાં કોટી કોટી વંદન.

પૂજ્ય સ્વામી ! મરણ કરતાં સ્મરણ બળવાન છે, આપની સ્મૃતિ એક વરદાન છે.

# સ્વામી ધામમાં ચાલ્યા ગયાં !!!

મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રગટ પ્રતાપ, પ્રગટ ઐશ્વર્ય - ચમત્કાર આજે પણ સૌને અનુભવાય એવી ઘટનાઓ સત્સંગમાં હંમેશા બનતી રહે છે.

એકાંતિક ભાવને પામેલા સંતો - હરિભક્તોને શ્રીજી મહારાજ સ્વયં તેડવા આવે છે એવો સૌને ભરોસો - વિશ્વાસ હોય જ, પરંતુ જ્યારે શ્રીજી મહારાજ દયા કરીને કોઈ ભક્તને દર્શન આપે અને પ્રતીતિ કરાવે કે અમે આવ્યા છીએ અને આ ભક્તને અક્ષરધામમાં તેડી જઈએ છીએ, ત્યારે આપણા સૌના અંતરમાં અપાર આનંદ થાય એ સ્વાભાવિક છે.

તા. ૩૧ જાન્યુઆરી - મહાસુદ - ચતુર્થીના મંગલ દિવસે સાયંકાળે અમદાવાદ - મેમનગર ગુરુકુલમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની સંધ્યા આરતી થઈ રહી હતી એ જ સમયે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીને ભગવાન શ્રી સ્વામિનારાયણ પરમહંસો સાથે પધારીને પોતાના ધામમાં તેડી ગયા તેનો પ્રત્યક્ષ અનુભવ પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીની સેવામાં રહેલા એક નાનકડા વિદ્યાર્થીને થયો. તેની વાતચીત સાંભળીને તે બાળકના જ શબ્દોમાં અહીં તેનો અનુભવ લખીએ છીએ.

''હું પૂજ્ય શ્રીહરિ સ્વામીની સેવામાં હતો. સાધુ આશ્રમમાં દરરોજ સાંજે વિદ્યાર્થીઓ અને હરિભક્તો કીર્તન-ભક્તિ કરતા હોય. સાંજે આરતીનો બેલ પડે અને ગોડી બોલાય ત્યારે પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી સાધુ આશ્રમમાં બિરાજતા શ્રીજી મહારાજની અગરબત્તીથી દરરોજ આરતી ઉતારતા હોય.

દરરોજ ગોડી શરૂ થાય એટલે શ્રીહરિ સ્વામી જ્યારે સાધુ આશ્રમમાં હોય, ત્યારે દર્શન કરવા બહાર આવે. તેથી આજે (તા. ૩૧-૦૧-૨૦૧૭) હું ગોડી બોલાતી હોવાથી સ્વામીના રૂમમાં ગયો. ત્યારે સ્વામી પોતાના આસન ઉપર બેઠા બેઠા સૂતા હોય એવું મને લાગ્યું. એટલે મેં સ્વામીને ઉઠાડ્યા નહીં, પણ દંડવત કરવા લાગ્યો. ત્યારે સ્વામીએ આંખો ખોલી અને મેં પાંચ દંડવત પૂરા કરીને શ્રીહરિ સ્વામીને કીધું - 'સ્વામી ! આરતીનો બેલ પડી ગયો છે અને હરિસ્વરૂપ સ્વામી આવી ગયા છે, આરતી ઉતારે છે.' ત્યારે સ્વામી ઊભા ન થયા અને મને કહ્યું - 'રૂમમાં મહારાજ આવ્યા છે.'

મેં આખા રૂમમાં નજર ફેરવી પણ મને કાંઈ દેખાયું નહીં. હું ચારે બાજુ જોતો હતો ત્યારે શ્રીહરિ સ્વામીની નજર મારી તરફ હતી એટલે સ્વામીને એમ થયું હશે કે આ છોકરાને મહારાજના દર્શન કરવા હશે. ત્યારે મેં સ્વામીને પૂછ્યું, 'સ્વામી ! તમારે પાણી પીવું છે ?'

સ્વામીએ કહ્યું - 'હા.'

સ્વામી ઈલેક્ટ્રીક જગ રાખતા. તે જગમાં થોડું પાણી હતું અને સ્વામી હંમેશા ગરમ પાણી પીતા, તેથી મેં પાણી ગરમ કર્યું અને સ્વામીને પાણી ગાળીને આપ્યું. ત્યારે સ્વામીએ હવામાં હાથ લાંબો કર્યો. કારણ કે ત્યાં મહારાજ હતા, પણ મને કાંઈ દેખાતું નથી. પછી સ્વામીએ પાણી પીને પોતાના ખોળામાં મારું માથું રાખ્યું અને મને કીધું - સત્સંગ રાખજો, ભજન કરજો અને રાજી રહેજો - એમ કહીને મારા માથા પર હાથ ફેરવ્યો.

ત્યાર પછી સ્વામીએ મને પૂછ્યું, 'તું હમણાં કેમ ચારેબાજુ જોતો હતો ?'

ત્યારે મેં સ્વામીને કહ્યું, 'સ્વામી ! મારે મહારાજના દર્શન કરવા છે.' ત્યારે સ્વામી કહે, 'પાંચ મિનિટ આંખો બંધ કરીને બેસ, મહારાજનું ધ્યાન કર. ધ્યાન ન ફાવે તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ મહામંત્રનો જપ કર અને મૌન વ્રત રાખ.'

સ્વામીના કહેવાથી હું ધ્યાન કરવા બેઠો. થોડાક જ સમયમાં બહાર પ્રકાશ પથરાયો અને મારી આંખો ખુલી, પણ હું અંજાઈ ગયો. મને કાંઈ જ દેખાયું નહીં. સામે

શ્રીહરિ સ્વામી બેઠા હતા તે પણ પ્રકાશમાં ન દેખાયા. એટલે હું આંખો ચોળીને પટપટાવવા લાગ્યો. પછી મેં પાછળ જોયું ત્યારે મને શ્રીજી મહારાજ સંતો સાથે જતા હોય એવા દર્શન થયા. મહારાજની બંને બાજુ બે-બે સંતો હતા. તે કોણ હતા ? તે હું ઓળખી ન શક્યો પણ શ્રીહરિ સ્વામી મહારાજ અને સંતોની પાછળ જતા દેખાયા. એ બધા શ્રીહરિસ્વામીના રૂમમાંથી પુરાણી સ્વામીના રૂમ તરફ સીધા ચાલ્યા ગયા અને થાડી જ વારમાં એ અદૃશ્ય થઈ ગયા એટલે મને રડવું આવી ગયું.

શ્રીહરિસ્વામીને આજે સાંજની સભામાં કથા કરવાની હતી, તેથી તેની યાદી આપવા વિશ્વવિહારી સ્વામી રૂમમાં બે-ત્રણવાર આવ્યા હતા, પણ શ્રીહરિ સ્વામી ધ્યાન અવસ્થામાં જ હતા.

સાંજની આરતી પૂરી થઈ ગઈ એટલે વિહારી સ્વામીએ ફૂલહારની સેવાવાળા એક વિદ્યાર્થીને મોકલ્યો. મને રડતો જોઈને તેણે પૂછ્યું, 'શું થયું ?' એટલે મેં કીધું, 'સ્વામી ધામમાં ચાલ્યા ગયા.'

પછી તે વિદ્યાર્થી વિહારી સ્વામીને બોલાવી લાવ્યો.''

*(શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરમાં ધોરણ ૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધાર્મિક સાથે થયેલી વાતચીતના આધારે ઉપરોક્ત અનુભવ પ્રકાશિત કર્યો છે.)*

આપણો સત્સંગ દિવ્ય છે અને શ્રીજી મહારાજ પ્રગટપણે સત્સંગમાં બિરાજે છે, તેવી પ્રતીતિ આ બાળકના અનુભવ કથનમાંથી પ્રગટે છે. કોઈને મનાય કે ન મનાય, એ એની શ્રદ્ધા કે તર્કની બાબત છે.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે ''ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે અને જ્યારે દેહ મૂકીને ભગવાનનાં ધામ પ્રત્યે જાય છે ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે અને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે અને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે, તેને યોગસમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે.''

આપણાં સત્સંગમાં આ પ્રકારના અનેક ઉદાહરણો મોજુદ છે. પરંતુ ભૂતકાળ કરતા વર્તમાનકાળના આવા અનુભવો અને પ્રસંગો આપણને સાંભળવા ગમે એટલું જ નહિ, પરંતુ આપણને પણ અક્ષરધામમાં જવાની તમન્ના જાગે એવા હેતુથી અહી પરમ પૂજ્ય કોઠારી સ્વામી શ્રી હરિજીવનદાસજી સ્વામી અક્ષરવાસી થયા તે સમયનો એક મહિલા હરિભક્તનો અનુભવ તેમના જ હસ્તે લખાયેલ નોંધપોથીમાં તારીખ ૨૨-૮-૧૪ ની ડાયરીમાંથી અત્રે પ્રસ્તુત છે.

''આજે એવો સદ્‌વિચાર આવ્યો છે કે સત્સંગમાં હાલમાં જે મોટા હરિભક્તો છે તેના વિશે એક બુક લખવી. હાલમાં સત્સંગમાં જે મોટા સાધુઓ છે, તેમના વિશે પણ એક બુક લખવી. કારણ કે અત્યારના જમાનામાં એ પણ મહારાજ પ્રત્યક્ષ ન હોય ત્યારે જે ગૃહસ્થ કે સંતો આટલા નિર્લેપ રહી શકતા હોય તે તો મહારાજનો પ્રતાપ જ કહેવાય અને એમાંથી આપણા જેવા સામાન્ય હરિભક્તોને ઘણું બળ મળે.

આજે ગુરુકુલ (રાજકોટ)માં એક વૃદ્ધ સાધુ કોઠારી સ્વામી હરિજીવનદાસજી બિમાર છે. ધામમાં જવાના હોવાથી ચેતન (બહેનના પતિ) અને રાજા (એ બહેનના પુત્ર) અંતિમ દર્શન માટે ગયા. મને એમ થયું કે મહારાજના ધામમાં તેઓ આજકાલમાં જશે, તો રાજકોટથી ધામમાં કોઈ જતું હોય તો હું મહારાજ માટે શું મોકલાવું ? શું સંદેશો આપું ? મહારાજ પણ તેમને તેડવા આવશે (તો) શું મને મહારાજ મળવા નહીં આવે ?

મહારાજ મને મળ્યા વગર જતા રહેશે તો ? મહારાજને સ્પેશ્યલ ધક્કો ક્યાં ખાવાનો છે ? અહીં સુધી મહારાજ આવતા હોય તો શું મને નહી મળે ?

આજે રાત્રે અથવા સ્વામીને (પૂજ્ય કોઠારી સ્વામી હરિજીવનદાસજી) તેડવા આવે તે સમયની આસપાસ જો મને મહારાજ મળવા આવશે તો જ મહારાજ મને પ્રેમ કરતા હશે. મહારાજની હું રાહ જોઉં છું. મહારાજ જરૂર આવશે.'' (તા. ૨૩-૦૮-૧૪ ની ડાયરીમાંથી)

''કાલે રાત્રે પ્રબળ સંકલ્પ હતો કે મહારાજના દર્શન થાય. મહારાજે કૃપા કરી દર્શન આપ્યા. તે પણ કેટલા દિવ્ય ! મહારાજે મને કુમકુમનો ચાંદલો કર્યો અને ફૂલનો મોટો હાર પહેરાવ્યો અને ૧ મિનિટમાં જ મારી આંખો ખુલી ગઈ. રાત્રે ૩-૪ વાગ્યા હશે. એ દૃશ્ય અત્યારે પણ મને દેખાય છે.

મહારાજે મરૂન કલરના જરીયાની વસ્ત્રો પહેર્યા હતા અને લાકડાની સાદી ખુરશી પર બેઠા હતા. અને રૂમમાં થોડો જ પ્રકાશ હતો. આજુબાજુમાં ૨-૪ માણસો હતા. હું મહારાજને પગે લાગી. મહારાજે મને ચાંદલો કરી હાર પહેરાવ્યો. બસ, આટલું જ. પછી તરત જ મારી ઉંઘ ઉડી ગઈ.

આજે રાત્રે એ સિવાય પણ ૩-૪ વાર મહારાજના વિચારો - સ્વપ્ન આવ્યા. પણ તે યાદ નથી. હું ભાગ્યશાળી છું. મહારાજ મને ઘણો જ પ્રેમ કરે છે. મારા સંકલ્પો પુરા કરે છે.

આજે સવારે પણ ટી.વી.માં લાઈટ ન હતી. તેથી સાગરકથા આવતી ન હતી. ત્યારે મે પ્રાર્થના કરી, પાંચ મિનિટમાં જ સાગરકથા ચાલુ થઈ. મહારાજે કૃપા કરી. કથામાં પણ જ્ઞાનજીવન સ્વામીએ "મહારાજના ચરિત્રોમાં ખોવાઈ જવું, ખૂબ સાંભળવા. તેનાથી દરેક દોષો દૂર થશે. મહારાજમાં પ્રેમ વધશે." (એવી કથા કહી.)

આજે બપોરે ૧૨ વાગે (મને) ખબર પડી કે સ્વામી (પૂજ્ય કોઠારી સ્વામી - રાજકોટ ગુરુકુલ) ધામમાં ગયા. સવારે ૫-૦૦ વાગ્યાની આસપાસ મને જ્યારે દર્શન દીધા હતા, તે સમયની આસપાસ જ મહારાજ અહીં આવ્યા. મને મળવા આવ્યા હતા. તે પણ મને ચાંદલો કર્યો, હાર પહેરાવ્યો. કેટલા દિવ્ય અલૌકિક દર્શન. મહારાજ મને માત્ર પ્રેમ કરે છે, એટલું જ નહીં, મારા દરેક સંકલ્પ પૂરા કરે છે. મહારાજે મને કેટલું અલૌકિક સૌભાગ્ય આપ્યું, હું ભૂબ જ ભાગ્યાશાળી છું. મહારાજનો આભાર કેવી રીતે માનવો ? આજનો દિવસ મારા માટે ખૂબ જ મહત્ત્વનો - આનંદ દાયક છે. હું બીજું ઘણું કામ કરું છું, પણ મારું મન મહારાજમાં હોય છે."

(રાજકોટ નિવાસી ગોરલબેન ચેતનભાઈ ભુંગાણીની ડાયરીમાંથી)

## પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીનો અક્ષરવાસ

સંપ્રદાયમાં ગુણાતીત પરંપરાના જ્યોતીર્ધર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે પોતાના શિષ્યોનું સર્વ પ્રકારે ઘડતર કર્યું હતું. એ ઘડતરને લીધે ગુરુકુલ અને ગુરુકુલના સાધુઓની સમાજમાં નોખી ભાત પડી છે. ગુરુદેવના ત્યાગી શિષ્યોમાં સર્વ પ્રકારે નિર્મોહી અને નિસ્પૃહી સંત હોય તો તે હતા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી. ધૂપસળી જેવા જીવન ધરાવતા પૂજ્ય શ્રીહરિ સ્વામીનો અંત સમય પણ ખૂબ દિવ્યતા ભર્યો હતો. ૩૧ જાન્યુઆરીના રોજ સંધ્યા સમયે એક હાથમાં માળા અને બીજા હાથમાં જે સંતની કૃપા મેળવી હતી તે સંત દ્વારા લખાયેલી સત્સંગની શુભવાર્તા ગ્રંથ. આમ ભજન અને વાંચન કરતા સ્વામી બેઠા બેઠા જ પંચભૌતિક શરીર છોડી ભગવાન શ્રી સ્વામિનારાયણના સાનિધ્યમાં પધારી ચૂક્યા.

૧ જાન્યુઆરી, વસંત પંચમીનો પવિત્ર દિવસ હતો. હજારો ભક્તજનો અને ધામધામથી સંતો ઉપસ્થિત હતા. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદના પ્રાંગણમાં સ્વામીના ભૌતિક શરીરની અંતિમવિધિ કરવામાં આવી. વૈદિક પરંપરાનુસાર તીર્થ જળ તથા ઔષધિઓના જળ દ્વારા સંતોએ સ્વામીનો અભિષેક કર્યો. ત્યારબાદ નૂતન વસ્ત્રો, કંઠી, માળા, જનોઈ ધારણ કરાવી સ્વામીને પાલખીમાં પધરાવ્યા. ઉપસ્થિત સંતો-ભક્તોએ સ્વામીનું પૂજન કર્યું અને પાલખિયાત્રાનો પ્રારંભ થયો. શણગારેલા ટ્રકમાં પાલખી પધરાવી સંતો-ભક્તો ધૂન-ભજન કરતા કરતા SGVP પધાર્યા. અહીં વિશાળ ચોકમાં પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય સદ્‌ગુરુ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામી તથા ઉપસ્થિત મોટી સંખ્યામાં સંતો-ભક્તોએ સ્વામીને શ્રદ્ધાંસુમન અર્પણ કર્યા. સ્વામીની છેલ્લી આરતી ઉતારી અને ગુરુકુલની પાછળ જ તૈયાર કરવામાં આવેલ અગ્નિસંસ્કારના સ્થળે સ્વામીના પંચભૂતના દેહને લઈ આવવામાં આવ્યો. અહીં સદ્‌ગુરુ સંતોના હસ્તે જ પૂજ્ય શ્રીહરિ સ્વામીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

થોડા કલાકો પહેલા જ જે સંત આપણી વચ્ચે હાલતા-ચાલતા-બોલતા હતા, એ જ સંતને આ રીતે પંચભૂતમાં વિલીન થતા જોઈ હૃદય ધબકવું ચૂકી જતું હતું. કોઈને માન્યામાં પણ ન આવે એવી આ વાત હતી, પરંતુ ભગવાન શ્રીહરિની ઇચ્છાને આધિન આપણે પામર જીવો બીજું તો શું કરી શકીએ !

### ભાવાંજલિ - શ્રદ્ધાંજલિ સભા

તારીખ ૧૨, ફેબ્રુઆરી, રવિવાર, મહાવદી દ્વિતિયાના દિવસે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૨૯મી પુણ્યતિથિ પ્રસંગે ભાવાંજલિ સભા તથા યોગાનુયોગ આ જ દિવસે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રીહરિદાસજી સ્વામીની ત્રયોદશા તિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સારાએ સત્સંગમાં સ્વામીના પુષ્પ જેવા જીવનની સુગંધ પ્રસરી છે, તેથી જ સમગ્ર સંપ્રદાયના અનેક મોટા મોટા સંતો તથા વિશાળ સંખ્યામાં ભક્તજનો આ પ્રસંગે સ્વામીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ઉપસ્થિત રહ્યા અને ભજન-ભક્તિ-શ્રદ્ધાપૂર્ણ ભાવાંજલિ-શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સભાના પ્રારંભે ભગવાન શ્રીહરિના મંગલપૂજન સાથે પૂજ્યપાદ ગુરુદેવ અને અક્ષર નિવાસી પુરાણી શ્રીહરિદાસજી સ્વામીને શ્રદ્ધાપુષ્પ અર્પણ કરવા પરમ પૂજ્ય પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ

પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી સહિત ધામ-ધામથી પધારેલા સંતો અને હરિભક્તો જોડાયા હતા.

આ દિવ્ય સભા પ્રસંગે ઉપસ્થિત સંતોએ સ્વામીના ચરણોમાં પોતાના વાક્પુષ્પો અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જેના સારભૂત વચનો આ પ્રમાણે છે.

❁ "પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સદ્‌ગુણોનું પ્રતિબિંબ આપણા પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીના જીવનમાં દેખાયું. ખાસ કરીને ધર્મ-નિયમથી ભરેલા એકરેણીપણાના જીવનથી સમગ્ર સત્સંગને આ સંતે પ્રભાવિત કરેલો છે. આપણને સૌને ખોટ્ય અનુભવાય છે, પરંતુ મુક્તાત્મા હંમેશા આપણી સાથે જ હોય એવા ભાવથી મહારાજના સ્વરૂપમાં જોડાઈએ તો ધીરજ, શાંતિ અને શક્તિ પ્રાપ્ત થાય." - **પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી**

❁ "સંસ્કારકી બલીહારી નાટક ભજવતા ભજવતા લાગેલો વૈરાગ્ય પૂજ્ય શ્રીહરિ સ્વામીએ જીંદગીભર સારધાર નિભાવ્યો. જીવનરૂપી ચાદરમાં એકપણ ડાઘ ન પડ્યો એ જ એમના જીવનની ખરી સફળતા છે." - **પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી**

❁ "આજે શાસ્ત્રીજી મહારાજના ખજાનામાંથી વધારે એક મોતી ઓછું થયું છે. સ્વામીના જવાથી ગુરુકુલ પરિવારને ખૂબ મોટી ખોટ પડી છે, જે પૂરવી અશક્ય છે. કેવળ ગુરુકુલ નહીં, સંપ્રદાયે એક સાચા સંતને ગુમાવ્યા છે." - **પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી**

❁ "આજના આધુનિક જમાનામાં એક નંદપંક્તિના પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી સ્વરૂપે આપણને પ્રાપ્ત થયા હતા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આપણને નિર્દંભ સાદા અને સહજ જીવન જીવનારા શ્રીહરિદાસજી સ્વામી જેવા સાધુ આપ્યા હતા." - **પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રી ઘનશ્યામ પ્રકાશદાસજી સ્વામી, મુખ્ય કોઠારીશ્રી વડતાલધામ**

❁ "હિમાલય જેવી ગરિમાવાળા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સત્સંગ-સેવાભર્યા જીવનમાંથી કાયમ આવા સંતોની ગંગોત્રી-સરિતાઓ વહેતી જ રહે છે, પણ આવા રાગદ્વેષથી રહિત સંત શ્રીહરિદાસજી સ્વામીનો એકાદ ગુણ મહારાજ મને પણ આપે એવી પ્રાર્થના કરું છું." - **પરમ પૂજ્ય સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજી સ્વામી, કુંડળધામ**

❁ "મેઘજીબાપા જેવા મુક્તાત્માના એકાંતિકભાવના સત્સંગના સંસ્કાર પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીએ સંતજીવનમાં આચરી બતાવ્યા અને સૌને જુદી જ ભાતની પ્રેરણા આપી." - **પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી, બોટાદ**

❁ "અહીં જેની સેવાની અત્યંત જરૂર હોય, તેની સેવાની અક્ષરધામમાં પણ જરૂર હોય, પણ હે મહારાજ ! તમે સત્સંગ બગીચાના પુષ્પો ચૂંટી લ્યો છો, તો બીજા પુષ્પો પણ થોડા મોકલતા રહેજ્યો." - **પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, ફરેણી**

❁ "પોતાના જીવન દ્વારા જેણે સાધુતાની સુગંધ ફેલાવી અને સમગ્ર સત્સંગને સુગંધિત કર્યો એવા શ્રીહરિ સ્વામીના જીવનમાંથી એકાદ સદ્‌ગુણ જો આપણા જીવનમાં પ્રગટી જાય તો ધન્ય બની જઈને." - **પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી રામકૃષ્ણદાસજી સ્વામી, ધ્રાંગધ્રા ગુરુકુલ**

આ ઉપરાંત પૂજ્ય સ્વામીના અસ્થિવિસર્જન નર્મદા નદીમાં કરવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં સંતો તથા ભક્તો જોડાયા હતા. અમદાવાદ ઉપરાંત સહજાનંદ સંસ્કારધામ- રાજકોટ ખાતે મહાપૂજા, બાર કલાકની અખંડ ધૂન તથા શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫ જાન્યુઆરીના રોજ ગુરુકુલ પરિવાર સુરત દ્વારા તથા ૧૯ જાન્યુઆરીના રોજ દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે શ્રદ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

**ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૨૯મી પુણ્યતિથિ તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીની શ્રદ્ધાંજલિ સભા પ્રસંગે થયેલ ભજન-સ્મરણની ચાદી**

તારીખ ૧૨, ફેબ્રુઆરી મહા વદ બિજ, સદ્‌વિદ્યા સદ્ધર્મ રક્ષક પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૨૯મી પુણ્યતિથિ તથા પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીની શ્રદ્ધાંજલિ સભા ભજન-ભક્તિના વિવિધ આયોજનો સાથે ઉજવવામાં આવી હતી. ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુઓને પ્રસન્ન કરવા સંતો, ઋષિકુમારો, વિદ્યાર્થીઓ, બાલિકાઓ, મહિલાઓ તથા હરિભક્તોએ દંડવત, પ્રદક્ષિણા, માળા, શાસ્ત્રપાઠ, અખંડ ધૂન જેવા વિવિધ આયોજનો દ્વારા ભજનની સરવાણી વહાવી. થયેલું તમામ ભજન ભગવાન શ્રીહરિના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યું હતું.

જેની વિગત - ૭૨ કલાક અખંડ મંત્રલેખન, ૮૪ કલાક અખંડ ધૂન, ૨૪ કલાક અખંડ દંડવત, ધોરણ દસ અને બારના વિદ્યાર્થીઓએ ૧૪,૮૪,૦૯,૮૧૦ મંત્રજાપ કર્યા હતા. ચાર ઋષિકુમારોએ ૧૫૧ કલાકના લાગટ ઉપવાસ કર્યા, આ ઉપરાંત મહિલાભક્તો-બાલિકાઓએ પણ ખૂબ મોટી સંખ્યામાં ભજન કર્યું હતું.

**પ્રજાસત્તાક પર્વ :-** ૨૬ મી જાન્યુઆરીના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (**SGVP**) ના આંગણે પ્રજાસત્તાક પર્વ ભવ્ય રીતે ઉજવાયું. પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉજવાયેલ આ પર્વમાં વાલીઓ, અન્ય મહેમાનો, અમદાવાદ ગુરુકુલના વિદ્યાર્થીઓ, દર્શનમ્‌ના વિદ્યાર્થીઓ તથા ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ જોડાયા હતા. ધ્વજવંદન કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ અદ્‌ભૂત પરેડ કરી હતી. ઉપરાંત નાના નાના વિદ્યાર્થીઓએ દેશભક્તિથી ભરપૂર નૃત્યો રજૂ કરી સહુને દેશભક્તિના રંગે રંગી દીધા હતા. આ પ્રસંગે ખાસ પૂજ્ય સ્વામીજીના માર્ગદર્શન પ્રમાણે **SGVP** સંસ્થા દ્વારા શહિદ જવાનોના પરિવારોના દીકરા-દીકરીઓને દત્તક લેવામાં આવ્યા હતા. જેઓનું સહાય રુપે રોકડ રકમ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમયે ઉપસ્થિત સહુ મહેમાનો તથા વિદ્યાર્થીઓએ શહિદ પરિવારોને તથા સંસ્થાના આ અજોડ કાર્યને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધું હતું. આ પ્રસંગે લદાખ (કાશ્મીર)થી મહાબોધી ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ૧૦ દિવસ **SGVP** રોકાઈ ગુરુકુલ પ્રણાલી, સ્વામિનારાયણ સંપ્રદાય તથા ગુજરાતના કલ્ચરને જાણ્યુ હતું.

**મહિલા સંસ્કાર કેન્દ્ર ઉદ્‌ઘાટન, બાપુનગર :-** સાંખ્યયોગી શ્રી લીલાબાના અથાગ પ્રયત્ન તથા ગુરુકુલ પરિવારના સહયોગથી અમદાવાદ બાપુનગર ખાતે નૂતન મહિલા સંસ્કાર કેન્દ્રનું નિર્માણ પૂર્ણ થતા તારીખ ૨૨ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન ઉદ્‌ઘાટન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવના પ્રારંભે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો તથા મહિલાભક્તો જોડાયા હતા. મહોત્સવના પ્રારંભે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રાર્થનાભવનનું ઉદ્‌ઘાટન કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ મહોત્સવ પ્રસંગે યોજાયેલ વ્યાખ્યાનમાળામાં સદ્‌ગુરુ સંતોની સાથે પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામી તથા પૂજ્ય શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સવામીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. ત્રણ દિવસના આ મહોત્સવમાં અમદાવાદ તથા દેશ-વિદેશના ભક્તજનોએ મોટી સંખ્યામાં પધારી સત્સંગનો લાભ લીધો હતો.

## ગુરુકુલ ગૌરવ

પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય જોગી સ્વામી તથા સંતોના અત્યંત કૃપાપાત્ર અને ગુરુકુલના ટ્રસ્ટી શ્રી નવીનભાઈ ચંદુભાઈ દવેને સાંદીપની ગૌરવ એવોર્ડ અંતર્ગત રાજર્ષી એવોર્ડ પ્રાપ્ત થયો છે. સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝા દર વર્ષે ગૌરવવંતા ગુજરાતીઓને બ્રહ્મર્ષી, રાજર્ષી અને દેવર્ષી એવોર્ડથી સન્માનિત કરે છે. આ વર્ષે પણ તારીખ ૨ ફેબ્રુઆરીના રોજ પોરબંદર સાંદીપની વિદ્યાલય ખાતે આયોજિત સમારંભમાં પૂજ્ય ભાઈશ્રીએ આદરણીય શ્રી નવીનભાઈને એમની સેવાપ્રવૃત્તિ અને સમાજલક્ષી કાર્યોને ધ્યાનમાં રાખી રાજર્ષી એવોર્ડથી નવાજ્યા છે. આદરણીય શ્રી નવીનભાઈને પ્રાપ્ત આ ગૌરવ બદલ ગુરુકુલ પરિવાર આનંદની લાગણી અનુભવે છે. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી વગેરે સંતોએ નવીનભાઈને અભિનંદન સાથે શુભાશીર્વાદ પાઠવ્યા હતા અને એમનું નિરામય અને દીર્ઘાયુષ્ય રહે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

## શ્રદ્ધા સુમન

**અ.નિ. શ્રી રઘુભાઇ વિરજીભાઇ વેકરીયા :-** ગામ નવાગામ હાલ રાજકોટ નિવાસી પ.ભ. શ્રી રઘુભાઈ વેકરીયા ૬૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેતવાળા, સન્નિષ્ઠ સેવક રઘુભાઈના અક્ષરવાસથી વેકરીયા પરિવાર તથા ગુરુકુલને એક સેવકની ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ રઘુભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા વિરજીભાઈ, વજુભાઈ, નિતેશભાઈ, વિજયભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી મનજીભાઇ મોહનભાઇ ડોબરીયા :-** ગામ રબારીકા નિવાસી પ.ભ. શ્રી મનજીભાઈ ડોબરીયા ૭૫ વર્ષની ઉંમરે ૧૨ જાન્યુઆરીના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન તથા સંતોમાં હેતવાળા, ગુરુકુલ સાથે જોડાયેલા શ્રી મનજીભાઈના આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા ભીખાભાઈ, નરેશભાઈ, અભય વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી કરસનદાસ મોહનલાલ પટેલ :-**અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી કરસનદાસ પટેલ ૧૯ જાન્યુઆરીના રોજ ૯૩ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા પૂજ્ય અબજીબાપાને વિશે અપાર હેતવાળો આ

પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. કરશનભાઈને નિત્ય ગુરુકુલ દર્શને આવવાનું નિયમ હતું. કરસનભાઈની સ્મૃતિમાં ગુરુકુલ ખાતે ધૂન-ભજન થયા હતા અને ઠાકોરજીના થાળ પણ કરવામાં આવ્યા હતા. ભગવાન શ્રીહરિ કરસનદાસભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા તથા રમણભાઈ, કાંતિભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી જાદવજીભાઇ ગોવિંદભાઇ વરસાણી :-** ગામ કેરા નિવાસી તથા ગુરુકુલ પરિવારના સન્નિષ્ઠ સેવક શ્રી જાદવજીભાઈ વરસાણી હરિસ્મરણ કરતા ૬૪ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર જાદવજીભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા તેઓના પરિવારજનો માતુશ્રી દેવબાઈ, ધર્મપત્ની પ્રેમબાઈ, પુત્ર વિપુલભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી પરબતભાઇ વિશ્રામભાઇ મયાણી :-** ગામ દહીસરા હાલ પર્થ-ઓસ્ટ્રેલીયા નિવાસી પ.ભ. શ્રી પરબતભાઈ મયાણી ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભજન-સ્મરણ-સેવા અને સંતોને વિશે અનન્ય પ્રેમે કરીને પરબતભાઈએ ખૂબ રાજીપો મેળવ્યો હતો. ગુરુકુલ સાથે વર્ષોથી તન-મન-ધનથી જોડાયેલા પરબતભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા વિનોદભાઈ, નરેશભાઈ, હરેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી નાગજીભાઇ ભગવાનભાઇ સોલંકી :-** ગામ કમીકેરાળા નિવાસી પ.ભ. શ્રી નાગજીભાઈ સોલંકી ૭૮ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા નાગજીભાઈ તથા એમનો પરિવાર ગુરુકુલ સાથે સારી રીતે જોડાયેલો છે. નાગજીભાઈ પાર્ષદ શ્રી કનુભગતના પૂર્વાશ્રમના ભાઈ હતા. ભગવાન શ્રીહરિ નાગજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા બળવંતભાઈ, રજનીભાઈ, અશ્વિનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી રાજેન્દ્રકુમાર રામચંદ્ર અમીન :-**અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી રાજેન્દ્રભાઈ અમીન ભગવાન શ્રીહરિનું ભજન કરતા થકા તારીખ ૧ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. રાજેન્દ્રભાઈ તથા એમનો પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને સેવા-ભક્તિ કરે છે. ભગવાન શ્રીહરિ રાજેન્દ્રભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા જતીનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી રાવજીભાઇ મોતીભાઇ પટેલ :-** ગામ કાવીઠા હાલ અમેરિકા નિવાસી પ.ભ. શ્રી રાવજીભાઈ પટેલ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. મહારાજ અને સંતોને વિશે અનન્ય નિષ્ઠાવાળા રાવજીભાઈએ ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. ગુરુકુલ સાથે વર્ષોથી તન-મન-ધનથી જોડાયેલા રાવજીભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા દિલીપભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી કરશનભાઇ માવજીભાઇ વેકરીયા :-** ગામ બળદીયા નિવાસી, વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલા અને સન્નિષ્ઠ સેવક પ.ભ. શ્રી કરશનભાઈ વેકરિયા ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવારની ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓમાં ખૂબ મોટુ યોગદાન રહેલું છે. કરશનભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા ગોપાલભાઈ, ગોવિંદભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી શારદાબેન નાનુભાઇ શેલડીયા :-** ગામ સમઢીયાળા હાલ અમેરીકા નિવાસી ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી નાનુભાઈ શેલડીયાના ધર્મપત્ની શ્રી શારદાબેન શેલડીયા ૧૨ જાન્યુઆરીના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા શારદાબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા નનુભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી જગુબેન ત્રિકમભાઇ પટેલ :-** ગામ વિસદપુરા નિવાસી તથા ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ઘનશ્યામભાઈ પટેલના માતુશ્રી જગુબેન પટેલ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા જગુબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા ઘનશ્યામભાઈ, હીતેશભાઈ, ડૉ. જતીનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

## આગામી આયોજન

તા. ૫/૩/૧૭, રવિવાર : **સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.

તા. ૬/૩/૧૭, સોમવાર : **શ્રીહરિ જયંતી:** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે, મેમનગર

તા. ૮/૩/૧૭, બુધવાર : **આમલકી એકાદશી:** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

તા. ૧૩/૩/૧૭, સોમવાર : **પુષ્પદોલોત્સવ તથા રંગોત્સવ :** સાંજે ૪ : ૦૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

તા. ૧૬ થી ૨૦/૩/૧૭ : **સ્મૃતિ મહોત્સવ** : સત્સંગિજીવન કથા પારાયણ, વક્તા : પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, સ્થળ : વૈષ્ણવ હોલ, પારેખ નગર, કાન્દીવલી (વેસ્ટ), મુંબઈ

તા. ૨૪/૩/૧૭, શુક્રવાર : **પાપમોચની એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ

## પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીના અંતિમ વિધિના દર્શન

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

પૂજ્ય સદ્‌ગુરુ શ્રી શ્રીહરિદાસજી સ્વામીના અસ્થિવિસર્જન, નર્મદા

પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની પુણ્યતિથિ તથા પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીની શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત સંપ્રદાયના સંતો તથા ભક્તજનો